Kapadwanj Kelavani Mandal
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

સ્થાપના વર્ષ - ૧૯૪૦
કપડવણજ કેળવણી મંડળનું
મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

કપડવણજ કેળવણી મંડળ
Affordable Education For All

# પ્રતિભા

વર્ષ:૧ અંક:૧૧ માસ: ઓક્ટોબર,૨૦૧૯ 

## શ્રી.એમ.વી.પરીખ ઈ.મી.સ્કૂલ (નર્સરી)

### HEALTHY AND JUNKFOOD વિષે GALARY WALKનું આયોજન



શ્રી.એમ.વી.પરીખ ઈ.મી.સ્કૂલમાં તા.23/9/2019ના રોજ બાળકોમાં Healthy and Junk food વિષેનું મહત્વ સમજાવવા માટે Jr.Kgના શિક્ષિકા બહેનો ધ્વારા ઉપરોક્ત વિષય પર વાલીમિત્રોને પ્રોજેક્ટ આપવામાં આવ્યો હતો. જેમાં તમામ વાલીમિત્રોએ પોતાના બાળકોને સાથે રાખી ઉત્સાહભેર ચાર્ટ બનાવ્યા હતાં. આ ચાર્ટનું gallery walk બધા ક્લાસના બાળકોએ નિહાળ્યું હતું. આજે જયારે બાળકોને ફૂડ પેકેટ અને પીઝા –બર્ગર જેવા જંક ફૂડ વધારે ગમે છે ત્યારે શાળામાં જ બાળકોને Healthy foodના ફાયદા અને Junk food ખાવાથી થતું નુકશાન સમજાવવામાં આવ્યું હતું. અને દરેક બાળકને સ્વાસ્થ્ય સારું રાખવા healthy food ખાવું જ જોઈએ એવું સુચન શિક્ષકો ધ્વારા કરવામાં આવ્યું હતું.

### Yellow day ની ઉજવણી




Nursery વિભાગના બાળકો કલરની ઓળખ સહેલાઈથી કરી શકે તથા તેના વિવિધ શેડ સમજી શકે તે હેતુ થી શ્રી.એમ.વી.પરીખ ઈ.મી.સ્કૂલમાં yellow day ઉજવાયો. જેમાં નાનાં-નાનાં ભૂલકાંઓ yellow dress પહેરીને આવ્યા હતાં. શિક્ષકોએ ક્લાસરૂમ અને બોર્ડ પણ યલ્લો કલરની વિવિધ વસ્તુઓ ધ્વારા સજાવ્યા હતાં. બાળકને જયારે દરેક જગ્યા પર એક જ કલરની વસ્તુ નજરે પડે ત્યારે એને કલર વિષે જાણવાની કુતુહલતા જાગે અને તેની જીજ્ઞાસાવૃતિ સંતોષાય એ રીતે શિક્ષક તેને કલરની સમજ આપે છે. યલ્લો કલરના કપડાં પહેરીને આવેલા બાળકોએ ફોટા પડાવવાનો પણ અનેરો આનંદ માણ્યો હતો.

## શ્રી સ્પંદન બાલમંદિરમાં ચોમાસાની ઋતુનું ગેલેરી વોક







ચોમાસાને વર્ષાઋતુ પણ કહે છે. તે ઋતુઓની ફક્ત મહારાણી જ નથી પણ તે તો સાક્ષાત દેવી અન્નપૂર્ણા છે. બાળકોને ચોમાસાની ઋતુનો ખ્યાલ આવે તે માટે તા:૨૦/૦૯/૧૯ ના રોજ શ્રી સ્પંદન બાલમંદિરમાં ચોમાસાની ઋતુનું ગેલેરી વોક રાખવામાં આવ્યું હતું. જેમાં બાળકો ચોમાસા માટેના વિવિધ ચાર્ટ જેવા કે મોર, મેઘધનુષ, તહેવાર, શાકભાજી, ફળ બનાવીને ઘરેથી લાવ્યા હતા. શિક્ષકોએ બાળકોને ચોમાસાની ઋતુમાં આવતા તહેવાર, ફળ, શાકભાજી, છત્રી અને રેનકોટ વગેરેની પ્રત્યક્ષ સમજ આપી હતી અને બાળકોને ચોમાસા ઋતુનું કોન્સેપ્ટ સરસ રીતે સમજાવ્યો હતો.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1948 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

# પ્રતિભા

વર્ષ:૧ અંક:૧૧ માસ: ઓક્ટોબર,૨૦૧૯ 

## શ્રીમતી સી. ડી. ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ

### ખેલ મહાકુંભમાં બાળકોનું પ્રદર્શન







**બેડમિન્ટન:-** શ્રીમતી સી. ડી. ગાંધી સ્કૂલના બાળકો બેડમિન્ટનમાં જીલ્લા કક્ષાને અગ્રેસર રહ્યાં હતાં. ખેલમહાકુંભ બેડમિન્ટન સ્પર્ધામાં જીલ્લામાં વિજેતા બનનારામાં વિદ્યાર્થીઓમાં શર્મા પલાસ, ભાવસાર અભિ, બોડાત અકુલ જયારે વિદ્યાર્થિનીઓમાં પટેલ શ્રુતિ, કાપડિયા શ્રેયા, પટેલ મીતી, પટેલ દ્રષ્ટિનો સમાવેશ થાય છે.

**ચેસ:-** ખેલમહાકુંભ ચેસ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ તથા જીલ્લા કક્ષાએ વિજેતા બની શ્રીમતી સી.ડી.ગાંધી સ્કૂલના વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાએ રમવા જશે. તેમાં શાહ ધ્રુમિલ, ગોહિલ ધ્રુમિનો સમાવેશ થાય છે.

**ફૂટસેલ (ઈન્ડોર ફૂટબોલ):-** અમદાવાદ ખાતે યોજાયેલ ફૂટસેલ ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમમાં શ્રીમતી સી.ડી. ગાંધી સ્કુલના ખેલાડી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ નેશનલ લેવલ ટુર્નામેન્ટમાં કુલ ૧૬ ટીમો હતી.તેમાં ગુજરાતની ટીમે ત્રીજું સ્થાન મેળવ્યું હતું. ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં પટેલ દીશુ, પટેલ તીર્થ, શેખ મો. કેફ, પટેલ ધ્રુવ, વિધરાની હર્ષએ શાળાનું નામ રોશન કર્યું હતું.

**ફૂટબોલ :-**સપ્ટેમ્બર મહિના દરમિયાન આયોજિત ખેલમહાકુંભમાં શ્રીમતી સી.ડી.ગાંધી સ્કૂલના ભાઈઓની ટીમે ત્રીજું અને બહેનોની ટીમે બીજું સ્થાન સ્થાન પ્રાપ્ત કર્યું.

વિવિધ સ્પર્ધામાં ભાગ લેનાર તથા વિજેતા થનાર દરેક ખેલાડીઓને શાળાના આચાર્ય, તેમના પી.ટી. ટીચર તથા મંડળ પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

## શ્રી એસ.સી.દાણી પ્રાયમરી સ્કૂલ





કપડવણજ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એસ.કે.શાહ (ચ્હાવાળા) કોલેજ ઓફ એજ્યુકેશન બી.એડ્ કોલેજની તાલીમાર્થી બહેનોના શ્રી એસ.સી.દાણી પ્રાયમરી સ્કૂલમાં ઈન્ટર્નશીપના ભાગરૂપે તા.૩૦/૯/૨૦૧૯ને સોમવારે સાંસ્કૃતિક પ્રોગ્રામ અને ઈનામ વિતરણનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ક.કે.મંડળના મંત્રી તેમજ બી.એડ્. કોલેજ અને શ્રી એસ.સી.દાણી પ્રા.સ્કૂલના કન્વીનર શ્રીમતી નીલાબેન એસ.પંડ્યા અને બી.એડ્ કોલેજના આચાર્ય શ્રી પરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યશ્રી પૌરવભાઈ પટેલ, શિક્ષકગણ તેમજ વિદ્યાર્થીઓએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ધો.૬ થી ૮ના ૪૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રાર્થનાગીત, સ્વાગતગીત, ફ્ની ડાન્સ, વંદેમાતરમ્ ગીત, રાસ, ગરબા ડાન્સ, નાટક, ડાન્સ જેવી પ્રવૃત્તિઓ કરાવી હતી. આ કાર્યક્રમમાં મહેમાનનું પરિચય પ્રતિભાવ અને આભારવિધી તથા સંપૂર્ણ કાર્યક્રમનું સચાલન તાલીમાર્થી બહેનો ધ્વારા કરાવવામાં આવ્યું સંપૂર્ણ કાર્યક્રમના અંતે શાળાના આચાર્યશ્રી તથા બી.એડ્.કોલેજના આચાર્યશ્રીએ સંબોધન કરી શુભેચ્છા પાઠવવામાં આવી. તા.૧૭/૬/૨૦૧૯થી૬/૧૦/૨૦૧૯ના ઈન્ટર્નશીપના સમયગાળા દરમિયાન પાંચ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. તેમાં મહેંદી સ્પર્ધા, કેશગૂંથન, રાખી મેકીંગ, દેશભક્તિગીત અને વેસ્ટમાંથી બેસ્ટ જેવી સ્પર્ધાઓનો સમાવેશ કરેલ હતો. જેમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર આપ્યા હતા. વિજેતા બનેલ વિદ્યાર્થીઓને ઈનામ આપી અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રી સી. એન. વિદ્યાલય


ખેલમહાકુંભ ફૂટબોલ


ચિત્રસ્પર્ધા


વક્તૃત્વ સ્પર્ધા


વૃક્ષારોપણ કાર્યક્રમ

**ખેલ મહાકુંભમાં બાળકોનું પ્રદર્શન:-** કપડવંજ કેળવણી સંચાલિત શ્રી સી એન વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ 2019 માં જિલ્લા કક્ષાની અંડર 17 ફૂટબોલમાં દ્વિતીય સ્થાન મેળવીને શાળાને ગૌરવ અપાવ્યું છે. તે ઉપરાંત એથ્લેટીક્સ, ટેબલ ટેનિસ, બેડમિન્ટનમાં અન્ય વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે. શાળાના આચાર્ય શ્રી પી. બી. પટેલ તથા શાળા પરિવારે આ વિદ્યાર્થીઓને અને માર્ગદર્શન આપનાર સાહેબ શ્રી જે. વી. ચૌધરી અને શ્રી ટી. એમ. ચૌધરીને અભિનંદન પાઠવ્યા હતા સાથે ભવિષ્યમાં પણ સારા ખેલાડીઓ તૈયાર થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

**ચિત્ર સ્પર્ધાનું આયોજન :-** તા. 23/09/2019 ના રોજ શ્રી. સી. એન વિદ્યાલયમાં ધોરણ 9 ના વિદ્યાર્થીઓની ચિત્ર સ્પર્ધા યોજાઈ. બાળકોએ ખુબ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ સ્પર્ધાને સફળ બનાવી.

**વકતૃત્વ સ્પર્ધાનું આયોજન:-** શ્રી સી.એન વિદ્યાલયમાં અંગ્રેજી ભાષામાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ. જેમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ટોપિક હતા ૧. ગાંધીજી અને તેમના આદર્શ ૨. ગાંધીજી અને અહિંસા અને ૩. ગાંધીજી અને સ્વચ્છતા. જેમાં પહેલા ત્રણ વિજેતાના નામ નીચે મુજબ છે. ૧. સુતરીયા હેતવી - ૧૦અ ૨. પઠાણ આદીખાન – ૧૦ઈ ૩. શેખ નઝેફા – ૧૦અ

**વૃક્ષારોપણ કાર્યક્રમ:-** 'વૃક્ષો વાવો વરસાદ લાવો' આ પંક્તિને સાર્થક કરતું એક ઉમદા કાર્ય તા:૨૬/૦૯/૨૦૧૯ ને ગુરૂવારે શ્રી સી. એન. વિદ્યાલયના એન.સી.સી કેડેટ્સ તેમજ તેઓના એન .સી. સી ઓફિસર શ્રી એચ .એલ. પટેલ અને શાળાના આચાર્ય શ્રી પી. બી .પટેલે સંયુક્ત રીતે શાળામાં વૃક્ષ છોડ વાવી વૃક્ષારોપણ કાર્યક્રમ કર્યો હતો. નાના બાળની જેમ એ વક્ષોની માવજત કરવાનું વચન શાળાના આચાર્યશ્રીએ આપ્યું હતું.

## પી.બી.સાયન્સ કોલેજ

### સાયન્સના રહસ્યો ક્લાસરૂમની જગ્યાએ પ્રયોગશાળામાં શીખ્યા





ગુજરાત સાયન્સ સીટી, અમદાવાદ ખાતે તા.૨૨/૯/૧૯ના રોજ પ્રસિદ્ધ ફિઝિસિસ્ટ માઈકલ ફેરાડેના જન્મદિન નિમિત્તે "હેન્ડ ઓન સાયન્સ એક્સપિરિયન્સ" વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજ, કપડવંજના પ્રોફેસર શ્રી મુકેશભાઈ એસ. ભટ્ટ ધ્વારા પ્રયોગોનું લાઇવ ડેમોન્સ્ટ્રેશન આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને માઈકલ ફેરાડેના વૈજ્ઞાનિક સંશોધનો અને સાયન્સમાં આપેલા યોગદાન વિષે વિસ્તારથી માહિતી આપી હતી. જેમાં વિવિધ સાયન્સ કોલેજોના ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ એક્સપર્ટ શ્રી મુકેશભાઈ પાસેથી પ્રયોગ ધ્વારા વિજ્ઞાનના રહસ્યો જાણ્યા હતાં.